# શબ્દવેધ - રજનીકુમાર પંડ્યા

જન્મભુમી - પ્રવાસી, મુંબઈ તા. ૧૫-૯-૨૦૧૩

## ગુજરાતને દૂરને ખૂણે જે યજ્ઞ અહર્નીશ પ્રજ્વલિ રહ્યો છે તેની વાત....

એ નાના ગામની મોટી હોસ્પિટલના દરવાજે હાથમાં કેમેરા અને ટેપ રેકોર્ડર લઈને અમે ઉભા હતા. ત્યાં જોયું કે હજુ તો બે - ત્રણ મિનિટ પહેલા જ હાથે કોણી સુધી ચુડલા ચડાવેલાં, તેલ વગરના માથે ઉડું ઉડું સફેદ તાંતણા જેવા વાળવાળાં અને તાવથી ધૂજતાં એક ડોશીને બે હાથે બાવડેથી થોભીને એમના સગાવહાલાં અંદર લઈ જતાં હતાં. ફોટો પાડ્યો પણ નવાઈ એ વાતની ઉપજી કે ચોથી જ મિનિટે એમને પાછાં લઈ જવાતાં જોયાં. અમારી સાથે તે સંસ્થા જલારામ આરોગ્ય સેવા ટ્રસ્ટ, મેઘરજ સાથે સંકળાયેલા મધ્યમ વયના વેપારી અશોક ગાંધી ઉભાં હતાં, એમણે આ જોયુ કે તરત જ અમારી સાથેની વાતો અધૂરી મુકીને એ તરફ ગયાં અને એ લોકો સાથે કાંઈ વાત કરી અને ત્રીજી મિનટે માજીને અંદર મુકીને પાછા આવ્યા. મારા મનમાં આખું સમીકરણ બેસી ગયુ, પણ એમને તો એટલું જ કહ્યુ : કારણ સમજાયું

કારણો તો ઘણા હોય, પણ બધા કારણોમાં ખરું કારણ છે એની ગરીબી. એની પાસે સારવારના તો ઠીક પણ કેસ કઢાવવાના પહેલા ઓછા હતા પણ હવે પચાસ કરવાની ફરજ પડી. પણ એમાં આ હોસ્પિટલના તંત્રનો વાંક નથી, કારણ કે ડૉક્ટરોને, નર્સોને અને વહિવટી સ્ટાફથી માંડીને સફાઈ કામદાર સુધીનાને મહિને મહિને પગાર ચુકવવાનો હોય છે. સામાન્ય રીતે પેરા મેડિકલ સ્ટાફનો પગાર માસિક પાંચ હજારથી માંડીને પંદર હજાર અને એક કન્સલ્ટન્ટ ડૉક્ટરનો માસિક પગાર એક લાખ જેટલો હોય છે. આટલો ઉંચો પગારના આપીએ તો આ અંધાર મુલકના ટચુકડા ગામમાં કયો ક્વોલિફાઈડ ડૉક્ટર નોકરી કરવા આવે? છ ફુલટાઈમ ડૉક્ટરો ઉપરાંત એક મેડિકલ ઑફિસર સાથેના છ વિભાગો જેવા કે પ્રસુતિ અને સ્ત્રીરોગ, સર્જિકલ, નવજાત શિશુ અને બાળરોગ, શારિરીક ને હૃદયરોગ, આંખ અને દંતરોગ ઉપરાંત નર્સિંગ સ્ટાફનો જબરો વાર્ષિક ખર્ચ! આ હોસ્પિટલ પાસે ઓછામાં ઓછા બે કરોડની કિમતના આધુનિક તબીબી ઉપકરણો છે આવા ઉપકરણોની જાળવણી અને મરમ્મત ખર્ચ પણ જંગી હોય છે. વળી વિજળી, પણી, સ્ટેશનરી અને એક અતિ મહત્વની વાત ભોજન ખર્ચની. ૨૦૧૨ના માર્ચ સુધી તો ફક્ત નેત્ર રોગના ઓપરશનોવાળા દરેક દર્દીને અને બરદાસીને મફત ભોજન અપાતું હતુ પણ તે પછી કચ્છના કોટિ વૃક્ષ અભિયાનથી સુવિખ્યાત એલ ડી શાહે જલારામ ટ્રસ્ટ અંતર્ગત દસ લાખ રૂપિયા આપ્યા ત્યાર પછી માત્ર નેત્ર રોગના જ નહિં પણ અહિં દાખલ થતાં દરેક દર્દી અને એક બરદાસીને સવાર સાંજ મફત ભોજન આપવાની શરૂઆત કરી છે. ૨૦૧૧-૧૨માં તો માત્ર આંખ વિભાગનોજ ભોજન ખર્ચ એક લાખ ને પાંચ હજાર હતો, એ પછી તો બીજા દરેક વિભાગોના ભોજનખર્ચ ગણતા હવે એ આંકડો વાર્ષિક સાત થી આઠ લાખે પહોંચ્યો છે..., એલ ડી શાહે આપેલા રૂપિયામાંથી હવે માંડ સિત્તેરેક હજાર બચ્યા છે જે પણ બરફની કટકીની જેમ વપરાઈને ઓગળી રહ્યા છે. આ હોસ્પિટલના વર્ષે દોઢ કરોડના ખર્ચની સામે આવક બાદ કરતા વર્ષે સાઠ લાખની ચોખ્ખી ખાધ રહે છે. એટલે કે હોસ્પિટલને કાર્યરત રાખવા માટે અંદાજે તેની આવક ઉપરાંત દર મહિને બીજા પાંચેક લાખ તો જોઈએ જ...

પેલાં પાછાં જતાં જેમને પાછાં વાળવામાં આવ્યાં તે વૃધ્ધાની વાત પર ફરી આવીએ તો તેમાં તો સારું થયું કે અશોક ગાંધીનું ધ્યાન પડ્યું અને એ વૃધ્ધાને સારવાર વગર પાછાં જતાં અટકાવ્યાં. અમે પૂછ્યું તો નહિં પણ સમજી શકાયું કે કાંતો એમણે પોતાના ખિસ્સામાંથી પચાસ કાઢ્યા અને કાં તો...

Scanned by CamScanner

પૂઅર પેશન્ટસ ફંડના નામે અત્યારે ઝીરો બેલેન્સ બોલે છે કારણ કે હતુ તે પણ આ વર્ષે સતત વરસાદને કારણે અને સુર્યપ્રકાશને અભાવે ડેંગ્યુ, મેલેરીયા, ટાઈફોઈડ, ઝાડા - ઉલટી તથા વાઈરલ ફિવરના પુષ્કળ ગરીબ દર્દીઓને રાહત દેવાથી સાવ તળીયાઝાટક થઈ ગયું. હવે એમાં એક પાઈ પણ બચી નથી. પૂઅર પેશન્ટ્સ ફંડ પૂરતું હોયતોજ એ જોગવાઈ કરી શકાય. કેસ કઢાવવાની ફી તો મામૂલી વાત છે પણ મોતીયાનો ઓપરેશનો તો દરેકને નિઃશુલ્ક કરી આપવામાં આવે છે. અનેબીજા ઓપરેશનો પણ જો લાયક દર્દીઓને આ ફંડમાંથી તદન ફ્રી અથવા રાહત દરથી કરવા અને બાળરોગ વિભાગ તથા શારીરિક અને હૃદયરોગ વિભાગમાં રાહત દરથી સારવાર આપવા માટે વર્ષે દહાડે ત્રીસેક લાખ જોઈએ. આપવા ઈચ્છનારા અહિં ડાઈરેક્ટ આપે અથવા તો પોતાના મિત્રવર્તુળમાંથી ભેગા કરીને વર્ષો વર્ષના ખર્ચ જેટલી રકમ એકઠી કરીને મોકલી આપે તોય ચાલે,.

“જન્મભૂમિ -પ્રવાસી” અને “ફૂલછાબ” માં લેખો આવ્યા પછી જો કે મુંબઈ વધારે ફળ્યું છે. પણ અન્યત્રથી પણ ડોનેશનો આવ્યા છે. સ્વર્ગસ્થ બાલકૃષ્ણભાઈ મહેતાની સ્મૃતિમાં હંસાબહેન મહેતાએ બહુ મદદ કરી છે, બીજાઓ પણ છે, પ્રફુલ્લભાઈ વોરા પણ છે. એમના દાન, ઉપકરણો, જનરેટર લેવામાં કે સ્ટાફ - ક્વાર્ટર માટે કામ આવ્યાં છે. પણ ગરીબ દર્દીઓના રાહત ફંડ માટે હજુ પૂરતી રકમ ઉભી થતી નથી,”

એક તરફ પંદર કિલોમીટર દૂર પંચમહાલ જિલ્લાનો લુણાવાડા તાલુકો છે, તો બીજી તરફ એટલે જ અંતરે રાજસ્થાનના ડુંગરપુર જિલ્લાનો સિમલવાડા તાલુકો છે, ભયાનક આર્થિક વિટંબણાઓ વચ્ચે પણ આ કંગાળ આદિવાસીઓ અને બક્ષીપંચ નીચે આવતી જાતીના મુલકમાં આ એકસો વીસ બેડની હોસ્પિટલ કાર્યરત છે. અહિં મફત ઓપરેશનો થાય છે કે જમવાના પૈસા પણ દેવા પડતા નથી એ જાણીને એ ગરીબનાય ગરીબ લોકો કિડીયારાની જેમ ઉભરાય છે. કારણ? મેઘરજ તાલુકાના ૭૯ ટકા કુટુંબો તો ગરીબી રેખાથી પણ નીચે જીવે છે.

સ્થાપનાના આ ૧૯ મા વર્ષે ૨૦ બેડથી શરુ કરીને ૧૨૦બેડ સુધીની પ્રગતિ મોટે ભાગે સમાજના ટેકાથી સાધી છે. પણ બાળક મોટું થાય તેમ વધુ ખોરાક, વધુ વસ્ત્રો અને વધુ સાચવણ માગે તેમ આ હોસ્પિટલ પણ સમાજ પાસેથી વધુમાં વધુ સહયોગની આશા રાખે તે સહજ છે. અત્યારે તાત્કાલિકની જરૂરત ગરીબ દર્દીઓના રાહત ફંડ, જલારામ ભોજનાલય અને મકાનના અને વિશેષ તો લેબર રૂમ, ઓપરેશન થિયેટરો અને આઈ.સી.યુ.યુનિટના રિનોવેશનની છે. મકાનમાં ઠેર ઠેર ચુવાક થાય છે. રોગાન - ચૂનો ઉખડી ગયા છે. છત પરથી પોપડા ખરે છે. પણ આ બધા વચ્ચે પણ દર્દીઓના પૂરમાં ઓટ નથી. કારણ કે આજુબાજુની ટૂંકી ત્રિજ્યાના વિસ્તારમાં આટલી બધી અદ્યતન સુવિધા અને મફત ભોજનની સગવડ ધરાવતી છતાં કશી સરકારી સહાય ના મેળવતી એક પણ ટ્રસ્ટ હોસ્પિટલ નથી.

ત્યાં જઈને નજરે જોઈ શકાય તો ઉત્તમ પણ તેમ ના બને તો તેની ગુજરાતી અને અંગ્રેજી વિડિયો ડોક્યુમેંટરી મફત મંગાવીને જોઈ શકાય જે મુંબઈના શ્રીમતી હંસાબહેન મહેતાએ બનાવી આપી છે.



Scanned by CamScanner